Original Paper

ISSN: 2321-1520

# ‘અજાણી દિશા : આદિવાસી અને શહેરી સંસ્કૃતિ પર પર્યાવરણીય પ્રભાવ’

## (AjaaniDisha : Environmental Impacts On Tribal and Urban Culture)

**ડૉ.ચીમનલાલ બી. પટેલ**

ગુજરાતી વિભાગ, ભાષા સાહિત્ય ભવન, ગુજ.યુનિ.
પ્રા. મહેશ કે. પટેલ
ભૂગોળ ભવન, ગુજ.યુનિ.

વિશ્વની પ્રાચીન મુખ્ય સિંધુખીણ સંસ્કૃતિ, નાઇલ સંસ્કૃતિ, તેગ્રીસ સંસ્કૃતિ અને હંવાન્ગો સંસ્કૃતિ થી વર્તમાન સભ્ય સંસ્કૃતિમાં વિકાસનાં દરેક પાસામાં પર્યાવરણ ની અસર જોવા મળે છે. જેનાં પુરાવા આજે જોવા મળતા પૌરાણિક સ્થળોનાં અવશેષો દ્વારા પ્રાપ્ત થાય છે. આદિમાનવયુગથી વૈજ્ઞાનિક અને તકનિકી યુગની માનવ સભ્યતા પણ પોતાની મૂળભૂત જરૂરિયાતો, જેવી કે ખોરક-પોશાક-રહેઠાણ અને સર્વસામાન્ય વિકાસ માટે પર્યાવરણ પર આધારિત છે, જેમ કે આજનાં વર્તમાન વિશ્વમાં પ્રતિકુળ આબોહવા, ભૌગોલિક સ્થાન, ભ્રૂપુષ્ઠ કે પર્યાવરણ ધરાવતા દેશો યોગ્ય આર્થિક વિકાસ કરી શક્યા નથી. પર્યાવરણની અસર માનવ સભ્યતાનાં દરેક પાસા ને અસર કરે છે, જેમ કે વ્યક્તિ-કુટુંબ-સમાજ અને તેની સાથે જોડાયેલ સામાજિક અને સાંસ્કૃતિક બાબતો. ઉપરાંત તે પ્રદેશની સામાજિક સુખાકારી, રહેણીકહેણી અને જીવનધોરણ સૌથી વધુ પ્રભાવિત થાય છે.

ભારત એક કૃષિપ્રધાન દેશ છે, જે આજે વિજ્ઞાન, ટેકનોલોજી, ઉદ્યોગો, આધુનિકતા સાથે વિશ્વની સાતમી અર્થવ્યવસ્થા ધરાવતો દેશ હોવા છતાં પણ 50% થી વધુ લોકો કૃષિ સાથે સંકળાયેલા છે. ભારતમાં મુખ્ય ત્રણ પ્રકારની સામાજિક જીવન સાથે જોડાયેલી સંસ્કૃતિ જોવા મળે છે, આદિવાસી - ગ્રામીણ અને શહેરી સંસ્કૃતિ. આ ત્રણેય જીવનશૈલી વર્તમાન સમયમાં સ્થળાંતર, શહેરીકરણ અને આધુનિકરણની પ્રક્રિયાઓ થી પ્રભાવિત થઈ રહી છે, તેમછતાં આજે પર્યાવરણ થી અનુકુળ આદિવાસી જીવનશૈલી અને સંસ્કૃતિ છે, જે પર્યાવરણથી જ સૌથી વધુ પ્રભાવિત છે અને તેની આદિવાસી જીવન ઉપર વધુ અસર જોવા મળે છે. જેમાં આદિવાસી લોકોનાં ખોરાક, પહેરવેશ, રહેઠાણ, મુલ્યો, માન્યતાઓ, વિચારસરણી, સ્વભાવ, વ્યક્તિત્વ, ભાષા અને તેનું સામાજિક માળખું અને તરાહ વિશિષ્ઠ રીતે પ્રભાવિત થાય છે.

પ્રસ્તુત ‘અજાણી દિશા’(2015) નવલકથામાં બે સંસ્કૃતિની વાત કરી છે, ત્યાં નવલકથાનો નાયક નિશાંત પિતા સાથેનાં વિચાર ભેદના કારણે ઘર છોડી મુંબઈથી દિલ્હી તરફ જતી ટ્રેનમાં બેસી જાય છે. મુંબઈની શહેરી સંસ્કૃતિ અને ગુજરાત-મધ્યપ્રદેશ સીમા પર આવેલ જંગલોમાં સ્થાયી આદિવાસી સંસ્કૃતિ, જેની પ્રસ્તુતિ નિશાંત દ્વારા થાય છે. નિશાંતનાં શહેરી વ્યક્તિત્વ ઉપર આદિવાસી સંસ્કૃતિની અસર, તેનાં માનસ પર આદિવાસીસંસ્કૃતિનાં મુલ્યો-વિવેક-એકતા-જીવનશૈલી અને પર્યાવરણ અનુકુળ જીવન ની વિશિષ્ઠ છાપ પડે છે. જે સમગ્ર વાત વિવિધ દર્શ્યો દ્વારા તેમજ બાલુ (આદિવાસી યુવાન), ઇન્સ્પેક્ટર બારિયા, પવન ઠાકુર(ફોરેસ્ટ ઓફિસર) તથા રાજપુર અને બંદરબાની ગામનાં લોકો,

બાલુનો પરિવાર, બાલુના સાથી મિત્રોના કુટુંબોના વર્તન, વ્યવહાર અને સહકાર દ્વારા જાણવા મળે છે.

આદિવાસી જીવન સંપૂર્ણ પણે પર્યાવરણથી નિયંત્રિત હોય છે, જેમ કે તેમનુંઆર્થિક જીવન; જંગલમાંથી પ્રાપ્ત થતી વસ્તુઓ-શિકાર તથા ચોમાસા પર આધારિત જીવનનિર્વાહ ખેતી, સામાજિક જીવન; આબોહવા અને કુદરતી વાતાવરણ આધારિત પહેરવેશ રહેઠાણ અને રહેઠાણની બનાવટમાં વપરાયેલી વસ્તુઓઓ કુટુંબ વ્યવસ્થા વસવાટની તરાહ(નદી કિનારે, છૂટક છવાયી વસાહતો, પહાડી ઢાળ કે નદીખીણનાં સમતળ ભાગમાં વસવાટ), સાંસ્કૃતિક બાબતો; તેમના તહેવારો - ઉત્સવો - રીતરિવાજો - મુલ્યો - વિચારસરણી (કુટુંબ અને સમાજમાં એકતા અને સુરક્ષા, સહકાર, સંગ્રહખોરી નો અભાવ) - આદતો - આવડત - ભાષા વગેરે પર્યાવરણ આધારિત હોય છે.

વ્યક્તિ કે સમાજ નાં સ્વભાવ અને સામાન્ય જીવન ઉપર તેના પરિસરની શું અસર હોઈ શકે તે 'અજાણી દિશા'માં સચોટ રીતે સમજી શકાય છે. નિશાંત જંગલોમાં ભૂલો પડી જાય છે, ત્યાર બાદ પોતાના 'સ્વ' ને વધુ ઓળખે છે, તેવી જ રીતે તે જયારે પર્યાવરણનાં સાનિધ્યમાં કુદરતીસૌંદર્ય - તેનું મહત્વ - તેની વાસ્તવિકતાને જાણે છે. ત્યાં તે પોતાનાં શહેરીજીવનથી અલગ વ્યક્તિત્વને અનુભવે છે. જંગલોમાં વ્યક્તિની ઓળખમાં તેનાં ગૌરવ, પૈસા કે સ્ટેટસનું કોઈ મૂલ્ય નથી, નિશાંતની પણ જીવનમાં આગળ વધવાની ઈચ્છા તેનાં પિતા સાથેનાં વૈચારિક મતભેદ ઉભા થતા, મુંબઈથી દિલ્હી તરફ જતી ટ્રેનમાં બેસી, ઘર છોડી ચાલી નીકળે છે. નાયકે તબીબી વિદ્યાશાખાની પદવી હાંસલ કરી છે અને રસ્તામાં દિલ્હી તરફ જતી ટ્રેન થોભી જવાથી નાયક ટ્રેનના દરવાજા પાસે આવે છે. જે દરવાજા પાસે નિશાંત ઉભો હતો તેની સામે જ જંગલમાં જતી કેડી દેખાય છે, જાણે કે એ કેડી નાયકને પોતાના તરફ બોલાવી રહી હોય એવું અનુભવે છે. જેથી જંગલમાં નીકળી પડે છે અને એકાંતને માણવાનું પસંદ કરે છે. ઉપરાંત તેનું આદિવાસીઓનાં જીવનવચ્ચે અને પ્રકૃતિ વચ્ચે છ મહિનાનાં રોકાણ બાદ તેનું વર્તન, તેનો સ્વભાવ, તેની વિચારસરણી અને પોતાનાં જીવનની દિશા બદલાઈ જાય છે, આ અસર પર્યાવરણ અને કુદરતને અનુકૂળ આદિવાસી સામાજિક જીવન અને સંસ્કૃતિની છે. આ છે આદિવાસી સંસ્કૃતિનું શહેરી માનસ ઉપર પ્રભાવનું કારણ. નિશાંત આદિવાસીમય બની જાય છે, તેમની વચ્ચે અનુકૂળ થઈ જાય છે, તેમની સમસ્યાઓને દૂર કરવાનું લક્ષ્ય બનાવી લે છે.

સિવાય 'અજાણી દિશા'માં લેખકે પ્રતિકૂળ પર્યાવરણમાં આદિવાસીઓનાં સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક જીવન સાથે જોડાયેલી સમસ્યાઓ અને અવગડોનું પણ સરસ નિરૂપણ કર્યું છે. આ પ્રદેશ પશ્ચિમ મધ્યપ્રદેશ અને પૂર્વ ગુજરાતની વચ્ચે આવેલ પહાડી અને જંગલ વિસ્તારોનો છે. પ્રસ્તુત નવલકથા મુજબ અહીં સામાન્ય જીવન જરૂરિયાત સંબંધી સગવડોનો પણ અભાવ છે, જેવી કે શિક્ષણ, સ્વાસ્થ્ય, રસ્તાઓ, વીજળી, રોજગારનાં સ્ત્રોત વગેરે. શિક્ષણનાં અભાવમાં સ્થાનિક ભાષા સિવાય અન્ય ભાષાઓની જાણકારીનો અભાવ જોવા મળે છે, ઉપરાંત સ્વાસ્થ્ય, સામાજિક રીતરીવાજો સંબંધી અંધશ્રદ્ધા વધુ જોવા મળે છે તથા પોલિસ અધિકારીઓ અને જંગલ ખાતાનાં અધિકારીઓ દ્વારા તેમનું શોષણ થતું પણ જોવા મળે છે, જેનાથી બંને વર્ગનાં લોકોથી અહીંની આદિવાસી પ્રજા થોડી ભયભીત રીતે પોતાનું જીવન જીવતી હોય એવું નવલકથાનો ભાવક અનુભવે છે.

સભ્ય સંસ્કૃતિમાં આદિવાસીઓની ઓળખ શિકારી, લુટારુ અને ભય સાથેની રહી છે, પણ 'અજાણી દિશા' દ્વારા નિશાંતનાં અનુભવ બાદ આદિવાસીઓનું વર્તન, સ્વભાવ, વિચારસરણી અને સામાજિક જીવન એક જુદો વિચાર આપે છે, નિશાંત પોતાના મિત્રને અભિપ્રાય આપતા જણાવે છે કે; તેઓ હિંસક નથી હોતા, અત્યંત શરમાળ, પોતાને રસ્તે ચાલનારા, સ્ત્રીઓને વધુ મહત્વ આપનાર તથા નિશાંતને બાલુની આંખમાં સદીઓથી અપમાન અને અવગડો વેઠતો નિસ્વાર્થ સમાજ દેખાય છે. ઇન્સ્પેક્ટર બારિયાસાહેબનાં શબ્દોમાં 'આ પ્રજા અશિક્ષિત છે. ખાવું, પીવું અને નાચવું એના સિવાય એમની કોઈ અપેક્ષા નથી. આ પ્રજામાં ભેગું કરવાની વૃતિ જ નથી'.આદિવાસી લોકજીવન સરળ અને સાહજિક છે કારણ કે, સમગ્ર પ્રતિકુળતાઓ હોવા છતાં લોકો આનંદથી જીવે છે અને ખુશ રહે છે.

આજે વર્તમાન ભારતમાં આર્થિક વિકાસની અસમાનતાઓ બે રીતે જોવા મળે છે, એક પ્રદેશના વિકાસ આધારિત

જયારે બીજી પ્રદેશમાં પ્રાપ્ત સંસાધનોની ઉપલબ્ધતા આધારિત. પરંતુ તે સિવાય આદિવાસી, ગ્રામીણ અને શહેરી સમાજમાં આર્થિક- સામાજિક અને શૈક્ષણિક વિકાસ સંબંધી અસમાનતાઓ રહેલી છે. વર્તમાન વૈજ્ઞાનિકીય, તકનિકીય અને આધુનિક સમયમાં પણ આદિવાસી વિસ્તારોમાં મૂળભૂત સગવડોનો અભાવ છે, ત્યારે ફરજ બને છે શહેરી સભ્યતાથી જોડાયેલ દરેક સભ્ય અને વ્યવસ્થાતંત્રની કે તેમની મૂળભૂત જરૂરિયાતોને સુલભ બનાવવી. સામાન્ય જીવન સાથેની સમસ્યાઓ, પ્રતિકૂળ પર્યાવરણમાં પડતી મુશ્કેલીઓ વગેરેનો અનુભવ શહેરી સંસ્કૃતિથી પ્રભાવિત નિશાંતનાં માનસને બદલી નાંખે છે, તેને આદિવાસીઓ માટે કંઈક કરવા માટે પ્રેરે છે, તે જવાબદારી તંત્રએ લેવાની જરૂરી છે. આ નવલકથામાં બે સંસ્કૃતિનો સમન્વય જોવા મળે છે પણ, આદિસંસ્કૃતિનો પ્રભાવ શહેરી સંસ્કૃતિ પર એટલે કે નિશાંત, ઉપર વધુ જોવા મળે છે. લેખક દ્વારા પર્યાવરણ, તેનું સૌંદર્ય, વર્તમાન સમયમાં તેનું મહત્વ અને તેની જરૂરિયાતને ધ્યાનમાં રાખી, તેની જાળવણી અને સંરક્ષણની આવશ્કયતાને પણ વિશિષ્ઠ રીતે દર્શાવી છે. પર્યાવરણથી અનુકૂળ સમાજ અને લોકોથી સબંધિત મૂલ્યો, વિચારસરણી અને સરળ જીવન ચોક્કસ રીતે શહેરી સંસ્કૃતિથી અલગ કરે છે.

સંદર્ભ: 1. માવજી મહેશ્વરી, અજાણી દિશા, પ્ર.આ.2015

ડો.ચીમનલાલ બી. પટેલ(૮9925460824),પ્રા. મહેશ કે. પટેલ(9426242680)

❑